# પ્રાંતિજની દિકરીને સાસરીવાળા ત્રાસ આપતા ત્રણ વિરૂદ્ધ પોલીસ ફરીયાદ

પ્રાંતિજ, તા.૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલ્વે સ્ટેશન ખાતે રહેતાં કુતિકાબેનના લગ્ન બે વર્ષ અગાઉ નડીયાદ ખાતે થયા હતા અને લગ્નના બે વર્ષના સમયગાળા દરમ્યાન સાસરીમાં નાની નાની બાબતો અને અવારનવાર ઝઘડો કરી ગદાપાટુનો માર મારતા ત્રાસ આપતા પિતા સહિત બે સામે પોલીસ ફરીયાદ થઈ છે.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન પરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજ ની દિકરી કુતિકાબેન નડીયાદ ખાતે રહેતા સનતકુમાર ઉર્ફે સુર્યકાન્તભાઈ નટુભાઈ વાણીયાની જોડે થયા હતા. જયારે આરોપી પતિ દ્વારા તથા ફૂઆ દિનેશભાઈ પાલાભાઈ પાટડીયા તથા સાસુ લક્ષ્મીબેન દિનેશભાઈ પાટડીયા રહે. નડીયાદ, પ્રભાકર ટેનામેન્ટ, જી.ડી હાઈસ્કુલ રોડ સૈજપુર બોઘા અમદાવાદ ત્રણે દ્વારા ફરીયાદી કુતિકાબેનને પતિ અવારનવાર નશીલી ગોળીઓ ગળતા હોઈ જેથી ફરીયાદી અવારનવાર ઘરકામ બાબતે તેમજ નજીવી બાબતમાં અવારનવાર ઝઘડો કરી ગડદાપાટુનો માર મારી અને કહેતા હતા કે તુ મને ગમતી નથી અને મારે બીજા લગ્ન કરવા છે તેમ કહીને શારીરીક તેમજ માનસિક ત્રાસ આપી મારઝુડ કરતા અને બિભત્સ ગાળો બોલતા આરોપી નંબર-૨-૩ નાઓ અમારા ઘરે બે ત્રણ મહિના રોકાતા અને મારા પતિને અવારનવાર ચઢાવણી કરી મને મારા પતિ મારઝુડ કરતા અને જો તું અહીંયા આવીશ તો જાનથી મારી નાંખવાની ધમકી આપી કાઢી મુક્તા પરિણિતા યુવતી દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ત્રણ વિરૂદ્ધ પોલીસ ફરીયાદ કરતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

# પ્રાંતિજના ચંચળબા નગર પાસે કન્ટેનરે પલ્ટી ખાધી



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ-હિંમતનગર નેશનલ હાઈવે આઠ ઉપર પ્રાંતિજના ચંચળબા નગર પાસે માલ ભરેલ કન્ટેનર પલ્ટી ખાતા ચાલક સહિત કંડકટરનો આબાદ બચાવ થયો હતો. પ્રાંતિજ ચંચળબા નગર પાસે વહેલી સવારે હિંમતનગર બાજુએથી આવતી કન્ટેનર ટ્રેલર એચઈ.૫૫.એક્ષ.૧૬૬૮નો ચાલક ફૂલફાસ્ટ બેદરકારી રીતે હંકારીને લાવીને પ્રાંતિજના ચંચળબા નગરના વળાંક પાસે કન્ટેનર પલટી ખાતા ટ્રેલર અડધુ રોડની સાઈડમાં અને અડધુ બાજુમાં આવેલ ખેતરમાં લાંબુ થઈ ગયુ હતુ. જ્યારે કન્ટેનર ચાલક અને કંડકટરનો આબાદ બચાવ થયો હતો.

# પ્રાંતિજ તાલુકામાં નદીના પટમાં આકસ્મિક ચેકીંગ હાથ ધરાયું

પ્રાંતિજ, તા. ૧૯

કુદરતની અમુલ્ય ખનીજ ભંડારોને ગેરકાયદે રીતે ઉત્ખનન કરનાર સામે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા લાલ આંખ કરાઈ છે. જે અંતર્ગત આજે પ્રાંતિજ તાલુકામાં નદીના પટમાં આકસ્મિક ચેકીંગ હાથ ધરી ગેરકાયદે ઉત્ખનન કરતા ૧૪ વાહનો જપ્ત કરાયા હતા.

આજરોજ કલેકટર પી. સ્વરૂપ, સાબરકાંઠા માર્ગદર્શન હેઠળ પ્રાંત ઓફિસર અને મામલતદાર પ્રાંતિજ તેમજ મહેસુલી કર્મચારીઓ અને સ્થાનિક પોલીસની વિશેષ તપાસ સમિતિ નીમી જિલ્લામાં ગેરકાયદે કુદરતી સંપત્તિનું ગેરકાયદે ઉત્ખનન કરતા તત્વો સામે કડક હાથે પગલાં લેવાની કવાયત હાથ ધરી હતી. જેમાં પ્રાંતિજ તાલુકાના વાઘપુર, સાંપડ, ગેડ અને સીતવાડા ગામોની સીમના નદીપટમાં આકસ્મિક ચેકીંગ હાથ ધરી અનઅધિકૃત ખનીજ વહન કરતા ટ્રક નંગ-૫, ટ્રેક્ટર નંગ-૮ અને હિચાટી મશીન નંગ-૧ મળી કુલ ૧૪ વાહનો જપ્ત કરી પોલીસસ્ટેશન પ્રાંતિજના હવાલે મુકવામાં આવેલ છે. જે અંગેની ભુસ્તરશાસ્ત્રી, હિંમતનગર દ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે એમ પ્રાંતિજ મામલતદાર દ્વારા જણાવાયું છે.

# ગોંડલ કૃષિ મહોત્સવમાં કૃષિના સ્ટોલનું આકર્ષણ

અમદાવાદ, તા.૧૯

ગોંડલના આંગણે ખેડૂતો માટે તિર્થધામ સમા માર્કેટિંગ યાર્ડમાં આજે યોજાયેલ કૃષિ મહોત્સવમાં કૃષિ વિષયક પ્રદર્શન સ્ટોલ ખેડૂતો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. મુખ્યમંત્રી વિજય રૂપાણી તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલ કૃષિ મહોત્સવમાં ૧૦૦ જેટલા સ્ટોલમાં ખેતી વિષયક માહિતી-ટેકનોલોજીનું પ્રદર્શન ખેડૂતોએ રસપૂર્વક નિહાળ્યું હતું. કૃષિ વિષયક પ્રદર્શનનું કૃષિ અને ઉર્જામંત્રી ચીમનભાઈ સાપરિયાએ મંત્રી મંત્રી જયંતિભાઈ કવાડિયા, પ્રદેશ ભાજપ પ્રમુખ જીતુભાઈ વાઘાણી તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં ખુલ્લું મુક્યું હતું. કૃષિના સ્ટોલ તરફ તમામનું ધ્યાન ખેંચાયું હતું.

# ગ્રાહકોને ઓનલાઈન ઠગી લેતો ઝારખંડનો ભેજાબાજ ઝડપાયો

## બેંકમાંથી બોલું છું એમ કહીને છેતરપિંડી કરતો હતો : ગ્રાહકો પાસે એટીએમ કાર્ડ નંબર, ઓટીપી નંબર સહિતની માહિતી મેળવી લઇ ઓનલાઇન રૂપિયા ખંખેરી લેતો હતો

અમદાવાદ, તા.૧૯

બેંકમાંથી બોલું છું એમ કહી ગ્રાહકો પાસેથી તેમના એટીએમ કાર્ડ નંબર મેળવી લાખો રૂપિયાની ઓનલાઈન છેતરપીંડી કરતા ઝારખંડના એક ભેજાબાજ ગઠિયાને શહેર ક્રાઈમબ્રાંચની ટીમે ઝડપી લીધો છે. ચોંકાવનારી વાત તો એ છે કે, આ આરોપી મહંમદજીલાની મહંમદશહાદત અન્સારી ગુજરાત, મહારાષ્ટ્ર સહિત દેશના પંદર જેટલા જુદા જુદા રાજયોમાં આ પ્રકારે લોકોને ફોન કરતો હતો અને તેઓની પાસેથી એટીએમ કાર્ડ નંબર મેળવી ઓનલાઈન જ પૈસા ખંખેરી લેતો હતો. ક્રાઈમબ્રાંચ આરોપી મહંમદજીલાનીની ઝારખંડથી ટ્રાન્ઝીટ વોરંટના આધારે ધરપકડ કરી અહીં લાવી હતી. આ પ્રકરણમાં હજુ બહુ મોટા ખુલાસા અને ચોંકાવનારી માહિતી બહાર આવવાની પૂરી સંભાવના પણ ક્રાઈમબ્રાંચના અધિકારીઓએ વ્યકત કરી હતી.



આ ઠગાઈના આંતરરાજય કૌભાંડની વિગતો એવી છે કે, ગત તા.૪-૫-૨૦૧૬ના રોજ ફરિયાદીના મોબાઈલ પર કોઈ અજાણ્યા શખ્સનો ફોન આવ્યો હતો અને તેણે એસબીઆઈ બેંકમાંથી બોલુ છું અને તમારું એટીએમ કાર્ડ બ્લોક થઈ જશે, જો રિન્યુ નહી કરો તો. તેથી જરૂરી માહિતી આપો એમ કહી આરોપી શખ્સે ફરિયાદી પાસેથી એટીએમ કાર્ડ, તેની પાછળના ભાગે લખેલ સીવીવી નંબર મેળવી લીધેલ, બાદમાં ફરિયાદીને તમને બેંકમાંથી મેસેજ આવે તેમાં ઓટીપી નંબર જણાવજો એટલે તમારૂં કાર્ડ રિન્યુ થઈ જશે. એ પછી ફરિયાદીને મેસેજ આવતાં તેણે ઓટીપી નંબર જણાવતાં આરોપીએ ફરિયાદીના બેંક એકાઉન્ટમાંથી તાત્કાલિક જ ઓનલાઈન ૨૫હજાર ટ્રાન્સફર કરી ખંખેરી લીધા હતા.આ અંગે ફરિયાદીએ ક્રાઈમબ્રાંચને જાણ કરી હતી. ક્રાઈમબ્રાંચના અધિકારીઓએ ભારે ઝીણવટપૂર્વક આ ગુનાની તપાસ કરતાં જાણવા મળ્યું કે, ફોન કરનાર શખ્સ ઝારખંડનો આરોપીછે, તેથી ક્રાઈમબ્રાંચની ચુનંદા અધિકારીઓની ટીમે ગુપ્ત રાહે ઝારખંડના દેવપર જિલ્લાના બંસીમી ગામ ખાતેથી ૨૩ વર્ષીય આરોપી મહંમદજીલાની મહંમદશહાદત અન્સારીની ધરપકડ કરી લીધી હતી અને તેને ત્યાંની કોર્ટમાં રજૂ કરી ટ્રાન્ઝીટ વોરંટના આધારે અહીં લઈ આવી હતી. આરોપીની પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયો હતો કે, આરોપી છેલ્લા ત્રણ વર્ષથી આ પ્રકારની છેતરપીંડી આચરતો હતો અને લોકોને મોબાઈલ પર ફોન કરી બેંકમાંથી બોલુ છું એમ કહી યેનકેન પ્રકારે એટીએમ કાર્ડ નંબર અને ઓટીપી નંબર સહિતની માહિતી મેળવી લઈ ઓનલાઈન છેતરપીંડી આચરતો હતો.

# મોદીનો ગુજરાત કાર્યક્રમ

**૨૨મી મે ૨૦૧૭ના કાર્યક્રમ**

- વડાપ્રધાન મોદી બપોરે ૧૨.૩૦ વાગે દિલ્હીથી ભુજ આવવા રવાના થશે
- બપોરે ૨.૧૫ કલાકે ભુજ એરપોર્ટ આવશે અને ત્યાંથી હેલિકોપ્ટર મારફતે કંડલા એરપોર્ટ જવા રવાના થશે
- બપોરે ૨.૧૫ કલાકે ભુજ એરપોર્ટ આવશે અને ત્યાંથી હેલિકોપ્ટર મારફતે કંડલા એરપોર્ટ જવા રવાના થશે
- બપોરે ૩ વાગે રીસેન્ટલમેન્ટ કોર્પોરેશન હોલ ગાંધીધામ પહોંચશે અને જુદા જુદા પ્રોજેક્ટ્સનું ખાતમુર્હૂત કરશે
- સાંજે ૪ વાગે કંડલા એરપોર્ટથી ભચાઉ રવાના થશે
- સાંજે ૫ વાગે પમ્પિંગ સ્ટેશન અને નર્મદા વોટર કુનોહ કેનાલ અને પબ્લિક મીટિંગ કરશે
- સાંજે ૭ વાગે મોદી ભુજથી અમદાવાદ જવા રવાના થશે
- રાત્રે ૮ વાગે મોદી અમદાવાદ એરપોર્ટ આવશે અને ત્યાંથી સીધા ગાંધીનગર સ્થિત રાજભવન જવા રવાના થશે જ્યાં તેઓ રાત્રિ રોકાણ કરશે

**૨૩મી મે ૨૦૧૭ના કાર્યક્રમ**

- સવારે ૮.૩૦ વાગે વડાપ્રધાન મોદી રાજભવનથી મહાત્મા મંદિર જશે અને ૧૧ વાગ્યા સુધી આફ્રિકન ડેવલપમેન્ટ બેંક ગ્રુપની ઓપનિંગ સેરેમનીમાં હાજર રહેશે
- સવારે ૧૧ વાગ્યાથી બપોરે ૧૨ વાગ્યા સુધી હેડ ઓફ સ્ટેટ મીટિંગમાં ભાગ લેશે
- બપોરે ૧૨ વાગ્યે મોદી મહાત્મા મંદિરથી અમદાવાદ એરપોર્ટ જવા રવાના થશે અને ત્યાંથી તેઓ દિલ્હી જશે

## ૧૫મી મે સુધીમાં ૧૩૪૬૯ ગામડાઓનું વીજળીકરણ

ગાંધીનગર, તા.૧૯

પંડિત દીનદયાળ ઉપાધ્યાયની અંત્યોદય (છેવાડાના માણસની સેવા)ની ફિલોસોફીને અનુરુપ ભારત સરકારે ૨૦ નવેમ્બર ૨૦૧૪ના રોજ દીનદયાળ ઉપાધ્યાય ગ્રામજ્યોતિ યોજના (ડીડીયુજીજેવાય)ને મંજુરી આપી હતી, જે ગ્રામીણ વિજળીકરણના તમામ પાસા એટલે કે ફીડર અગલીકરણ, સિસ્ટમને મજબૂત કરવી, મીટરિંગ વગેરેને સમાવતી સંપૂર્ણ યોજના છે. આ યોજના અંતર્ગત દેશમાં વીજળીના પુરવઠાથી વંચિત ૧૮૪૫૨ ગામડાઓમાંથી ૧૩૪૬૯ ગામડાઓનું વિજળીકરણ ૧૫ મે, ૨૦૧૭ સુધી થઈ ગયું છે. અગાઉની યોજનાનું ગ્રામીણ વીજળીકરણનું બાકીનું કામ ડીડીયુજીજેવાયમાં સમાવવામાં આવ્યું છે.

## જીએસટીમાંથી મુક્તિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટેક્સ લાગુ થશે. ફોન બિલ ઉપર ૧૮ ટકા ચાર્જ લાગુ થશે. જયારે ૧૦૦૦થી ઓછા ભાડાવાળી હોટલો જીએસટીની હદથી દુર રહેશે. આવી જ રીતે ૨૫૦૦ થી ૫૦૦૦ના ભાડા ધરાવનાર હોટલો પર ૧૮ ટકા ટેક્સ લાગુ કરવામાં આવશે. પાંચ હજારથી ઉપરની ફાઈવ સ્ટાર હોટલો પર ૨૮ ટકા ટેક્સ લાગુ થશે. આવી જ રીતે નોન એસી રેસ્ટોરન્ટ ઉપર ૧૨ ટકા સર્વિસ ટેક્સ લાગુ કરવામાં આવશે. સોનાના સ્લેબ ઉપર ત્રીજી જૂનના દિવસે વિચારણા કરાશે. ઓલા અને ઉબેર જેવી ટેક્સી સર્વિસ ટેક્સ પર પાંચ ટકા ટેક્સ લાગુ કરવાનો નિર્ણય કરાયો છે. મેટ્રો, લોકલ ટ્રેનમાં યાત્રા અને ધાર્મિક યાત્રીઓને જીએસટીમાં રાહત મળશે. ઈકોનોમી ક્લાસમાં વિમાની યાત્રા પર પાંચ ટકા અને બિઝનેસ ક્લાસ પર ૧૨ ટકા જીએસટી લાગુ કરવામાં આવશે. નાણામંત્રી અરૂણ જેટલીએ શ્રીનગરમાં જીએસટી કાઉન્સિલની બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે ટેલિફોન, ઈન્સ્યોરન્સ, હોટલો અને રેસ્ટોરન્ટ સહિત સર્વિસ ઉપર લાગુ થનાર ચાર ટેક્સ રેટને આખરી ઓપ આપી દેવામાં આવ્યા છે. નવી ટેક્સ વ્યવસ્થા હેઠળ આને અમલી કરવામાં આવશે. પહેલી જુલાઈના દિવસથી જીએસટી વ્યવસ્થા અમલી કરવામાં આવનાર છે. આ ટેક્સ રેટ પાંચ ટકા, ૧૨ ટકા, ૧૮ ટકા અને ૨૮ ટકા રહેશે. ટેલિકોમ ફાઈનાન્સીયલ સર્વિસને સ્ટાન્ડર્ડ રેટ ૧૮ ટકા સાથે ટેક્સ રાખવામાં આવ્યો છે. ત્રીજી જૂનના દિવસે જીએસટી કાઉન્સિલની બેઠક ફરી એકવાર મળશે. જેમાં અન્ય પાસા પર ચર્ચા કરાશે. સાથે સાથે સોના ઉપર ટેક્સ રેટ આ બેઠકમાં નક્કી કરવામાં આવશે. નવા ટેક્સ રેટ રેસ્ટોરન્ટ, ફિલ્મની તારીખ, સલૂનમાં જવા, ફોન બિલ સહિતની બાબતો ઉપર લાગુ થશે. નોન એરકન્ડીશનર રેસ્ટોરન્ટ પર ૧૨ ટકા ટેક્સને લઈને પણ ચર્ચા ચાલી રહી છે. આ ૧૨ ટકા ટેક્સને લઈને કેટલાક લોકોએ નારાજગી પણ વ્યક્ત કરી છે. અત્રે નોંધનિય છે કે ગઈકાલે પણ આ બેઠક આગળ વધી હતી. જેમાં જુદા જુદા પાસા પર નિર્ણય લેવામાં આવ્યા હતા. કાઉન્સિલમાં ગઈકાલે ૧૨૧૧ વસ્તુઓ માટે ટેક્સ રેટને મંજુરી આપવામાં આવી હતી જે પૈકી સાત ટકાને મુક્તિ અપાઈ હતી. ૧૪ ટકાને પાંચ ટકાના સ્લેબમાં, ૧૭ ટકાને ૧૨ ટકાના સ્લેબમાં, ૪૩ ટકાને ૧૮ ટકાના સ્લેબમાં અને બાકીની ૧૯ ટકા વસ્તુઓને ૨૮ ટકાના ટોપ ટેક્સ બ્રેકેટમાં મુકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ટેલિકોમ સર્વિસ ભૂતકાળના એક જ રેટ ઉપર ટેક્સ રીતે લાગુ કરશે. ૮૧ ટકા વસ્તુઓ પર ૧૮ ટકા અથવા તો નીચેનો ટેક્સ લાગુ થશે. જ્યારે ૧૯ ટકા વસ્તુઓ પર ૨૯ ટકાથી પણ ઉપરનો ટેક્સ લાગુ થશે. જેટલીએ ગઈકાલે ભારપૂર્વક કહ્યું હતું કે એકંદરે ટેક્સ બ્રેકેટમાં ઘટાડો કરવાના પ્રયાસ કરાશે. જીએસટી દરોને લઈને છેલ્લા ઘણા દિવસથી અટકળોનો દોર ચાલી રહ્યો હતો. જોકે ૧૦૦૦ની નીચેની ભાડાવાળી હોટલોને જીએસટી વ્યવસ્થામાંથી મુક્તિ આપવામાં આવી છે. સરકાર પહેલી જુલાઈથી જીએસટીને અમલી બનાવવા કમર કસી ચુકી છે. એવી અપેક્ષા છે કે દેશના જીડીપીમાં બે ટકાનો ઉમેરો થશે. મૂળભૂત વસ્તુઓને ખૂબ જ સાવધાનીપૂર્વકની ગણતરી સાથે રાખવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ મહિનામાં તેમની અવધિના ત્રણ વર્ષ પૂર્ણ કરવા જઈ રહ્યા છે. નવા ટેક્સ રેટમાં કોઈ ભાવ વધારો થશે નહીં. ખાસ કરીને જટીલ ટેક્સની વ્યવસ્થાને હળવી કરવાનો નિર્ણય રખાયો છે. એજ્યુકેશન અને હેલ્થકેરને રાહતો જારી રહેશે. કેરળના મુખ્યમંત્રી થોમસ ઈશાકે કહ્યું હતું કે લકઝરી ગુડ્સ પર ૨૮ ટકાના દરે જીએસટી લાગુ થશે. કાઉન્સિલની આગામી બેઠક ત્રીજી જૂનના દિવસે મળશે. ગઈકાલે જીએસટી કાઉન્સિલની બેઠકમાં મોટાભાગની ચીજો પર ટેક્સના રેટ નક્કી કરાયા હતા. સૂત્રોના કહેવા મુજબ જીએસટીની બેઠક દરમિયાન આજે સર્વસંમતિથી હેલ્થકેર અને એજ્યુકેશન જેવી પ્રાયમરી સર્વિસને રાહત આપવાનો નિર્ણય કરાયો હતો. જીએસટી કાઉન્સિલની બેઠકમાં આજે સર્વિસેઝ ઉપર જીએસટીના દરો નક્કી કરવામાં આવ્યા હતા. પાન, મસાલા, ગુટખા પર ૨૩૨ ટકા જીએસટી લાગુ કરવાનો નિર્ણય કરાયો છે. લકઝરી ચીજવસ્તુઓ વધુ મોંઘી કરવામાં આવનાર છે. બે દિવસીય બેઠકમાં આજે આ નિર્ણય લેવામાં આવ્યા હતા. બેઠકમાં લેવામાં આવેલા નિર્ણય મુજબ લક્ઝરીયસ વસ્તુઓનો ઉપયોગ ખર્ચાળ રહેશે.

## કેસ દાખલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

લોકોના નામનો ઉલ્લેખ છે તે તમામ સામે મની લોન્ડરીંગ કેસ દાખલ કરાયો છે. પ્રવેન્શન ઓફ મની લોન્ડરીંગ એક્ટની જોગવાઈ હેઠળ ઈસીઆઈઆરની નોંધણી કરવામાં આવી છે. સૂત્રોનું કહેવું છે કે ઈડી દ્વારા આ કેસમાં જુદી જુદી ગતિવિધિમાં તપાસ કરવામાં આવશે. જુદા જુદા આરોપીઓની સંપત્તિ પણ જપ્ત કરવામાં આવશે. ઈડીએ આઈએનએક્સ મીડિયા દ્વારા કરવામાં આવેલી ગેરકાયદે ચૂકવણીના સંદર્ભમાં માહિતી ઉપલબ્ધ કરાવી હતી. જેના આધાર ઉપર સીબીઆઈએ તેની એફઆઈઆર દાખલ કરી હતી. મંગળવારના દિવસે સીબીઆઈએ કાર્તિની ઓફિસ અને આવાસ ઉપર ચાર શહેરોમાં એક સાથે તપાસ કરી હતી. સમગ્ર મામલામાં કાર્તિની તકલીફો હવે વધે તેવા સંકેત છે.

## ખળભળાટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રજુ કરશે. આઈસીજેએ ભારતની અરજી પર ચુકાદો આપતા કુલભૂષણ જાધવની ફાંસી ઉપર ગઈકાલે પ્રતિબંધ મુકી દીધો હતો. ઈન્ટરનેશનલ કોર્ટે પાકિસ્તાને એવી સલાહ પણ આપી છે કે તેને જાધવ સુધી ભારતની રાજકીય ઓળખ અને સહાયતાની માંગ સ્વીકારવી જોઈએ કારણ કે આ બાબત વિયેના સમજૂતિ હેઠળ આવે છે. આઈસીજેના અધ્યક્ષ રોમી અબ્રાહમ દ્વારા આ ચુકાદો આપવામાં આવ્યો હતો. આઈસીજે દ્વારા પોતાના ચુકાદામાં કહેવામાં આવ્યું છે કે ભારત અને પાકિસ્તાન બંને દ્વારા વિયેના સમજૂતિ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. પાકિસ્તાન ઉપર આજના ચુકદા બાદ દબાણ વધી ગયું છે. પ્રાથમિક રીતે જાધવને જાસૂસ તરીકે દર્શાવવાની બાબત અમે નક્કી કરી શકીએ નહીં. આ મામલો નક્કી ન થાય ત્યાં સુધી ફાંસીની સજા રોકી શકાય છે. આઈસીજેને જાધવ મામલામાં દરેક બાબત સાંભળવાનો અધિકાર છે. પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફના વિદેશી મામલાઓના સલાહકાર સરતાઝ અઝીઝે કહ્યું છે કે નવી ટીમ વધુ મજબૂતી સાથે પાકિસ્તાનનો કેસ રજુ કરશે.

## ઈડીનો કબજો

● અનુસંધાન પહેલાનું ચાલુ

આદેશ કર્યો હતો. ૨૫ કરોડની રજિસ્ટ્રી સાથે આ પ્રોપર્ટી ખાલી કરવા માટે કહેવામાં આવ્યુ હતુ. મોડેથી સંપત્તિ પર કબજો કરવા સાથે સંબંધિત આદેશને લઈને સમર્થન આપવામાં આવ્યુ હતુ. માનડાવ ફાર્મ્સ પ્રાઈવેટ લિમીટેડ ટ્રિબ્યુનલ સમક્ષ આ હિલચાલને પડકાર ફેંકીને રજૂઆત કરી હતી. સાથે સાથે સ્ટેની માંગ કરવામાં આવી હતી. આ માંગને ૧૬મી મેના દિવસે ફગાવી દેવામાં આવી હતી. આની સાથે જ સંપત્તિ પર કબજો કરી લેવાનો માર્ગ મોકલો થયો હતો.

## કાઉન્ટર કેશલેસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે અમારી પૈસા આશરે ૧૨૦૦૦ ટિકિટ કાઉન્ટરો રહેલા છે. આમાંથી તમામને એક અથવા તો બે પીઓએસ મશીનથી સજ્જ કરવામાં આવનાર છે. અમારા કર્મચારીઓ માટે મોટા પ્રમાણમાં કેશને મેનેજ કરવાની બાબત ખુબ મુશ્કેલ છે. જો અમારી પાસે પુરતા પ્રમાણમાં સ્વાઈપ મશીનો આવી જશે તો તેના કારણે કર્મચારીઓ પર બોજને ઘટાડી શકાશે. પ્રથમ તબક્કામાં તમામ શહેરી વિસ્તારોમાં મશીનો ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે. એસબીઆઈ દ્વારા ૧૦૦૦ મશીનો આપવાની ખાતરી આપવામાં આવી છે. અનરિઝર્વ ટિકિટના વેચાણ માટે રેલવે પેટીએમ જેવા ડિજિટલ વોલેટ સર્વિસીસની સાથે વાતચીતમાં વ્યસ્ત છે. રેલવે દ્વારા હાલમાં યાત્રી સુવિધા વધુને વધુ વધારી દેવા પર ધ્યાન કેન્દ્રિત કરાઈ રહ્યુ છે. આ પ્રક્રિયા હાલમાં જારી રહી શકે છે. સુરેશ પ્રભુ પોતે અંગત રીતે સુવિધા પર ધ્યાન આપી રહ્યા છે.

## ગુપ્તા દોષિત

● અનુસંધાન પહેલાનું ચાલુ

નિર્ણય હવે ૨૨મીએ થશે. કોર્ટે સીએ અમિત ગોયલને આ મામલામાં નિર્દોષ જાહેર કરી દીધા છે. ગુપ્તા, ક્રોફા અને સમાલીયા ઉપરાંત કોર્ટે કંપની કેએસએસપીએલ અને તેના એમડી પવનકુમાર અહલુવાલિયાને પણ દોષિત ઠેરવ્યા છે. સુનાવણી દરમિયાન સીબીઆઈએ આક્ષેપ કર્યો હતો કે કેએસએસપીએલ દ્વારા કોલસા બ્લોક માટે દાખલ કરવામાં આવેલી દરખાસ્તમાં પુરતી માહિતી આપવામાં આવી ન હતી. સાથે સાથે જરૂરી દિશા નિર્દેશો પાળવામાં આવ્યા ન હતા. જેના પરિણામ સ્વરૂપે મંત્રાલય તરફથી આ દરખાસ્તને ફગાવી દેવાની જરૂર હતી. સીબીઆઈએ આક્ષેપ કર્યો હતો કે કંપનીએ પોતાની નેટવર્થ અને વર્તમાન ક્ષમતાને ખોટી રીતે રજુ કરી હતી. સીબીઆઈએ કહ્યું હતું કે રાજ્ય સરકારે પણ કંપનીને કોઈ કોલસા બ્લોકની ફાળવણી કરવા માટે કોઈ ભલામણ કરી ન હતી. જોકે સુનાવણી દરમિયાન અપરાધીઓએ આરોપોને ખોટા ગણાવ્યા હતા. કોર્ટે ગયા વર્ષે ઓકટોબર મહિનામાં આરોપો ઘડી કાઢ્યા હતા અને કહ્યું હતું કે પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંઘને ગુપ્તાએ અંધારામાં રાખ્યા હતા. કોલસા બ્લોક ફાળવણી મામલામાં ગુપ્તાને જુદા જુદા કાયદાઓના ભંગ મામલામાં દોષિત ઠેરવવામાં આવ્યા હતા. ગુપ્તાની સામે આશરે આઠ જુદી જુદી ચાર્જશીટ દાખલ કરવામાં આવી ચુકી છે. તેમના ઉપર અલગ અલગ ન્યાયિક પ્રક્રિયા ચાલી રહી છે.

## રંગમંચ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અન્વયે દરેક રંગમંચમાં ગ્રીનલોન , કિચન , ટોઈલેટ બ્લોક, પાર્કીંગ સહીતની સુવિધાઓ ઉભી કરવામાં આવશે. જયારે ૮૦૦ થી ૧ હજાર વ્યક્તિઓને સમાવી શકાય તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. સાંસ્કૃતિક કાર્યક્રમ સહીત લગ્ન પ્રસંગે પણ નગરજનો રંગમંચનો ઉપયોગ કરી શકશે. જેને ધ્યાને લઈ પાર્ટી પ્લોટમાં ઉપલબ્ધ સુવિધાઓનો ખ્યાલ કરી રંગમંચને પણ યોગ્ય રીતે અપગ્રેડ કરવાનુ આયોજન હાથ ધરાયુ છે. આમ નાગરિકોએ ઉંચા દામ ચુકવીને પ્રસંગ ઉકેલવાની ફરજ પડતી હોય છે. ત્યારે આવા સંજોગોમાં સેકટરોના રંગમંચ માત્ર રૂ ૧૨ હજારના ભાડામાં આમ નાગરિકોને પ્રસંગોપાત પણ ઉપયોગી થઈ શકશે. આગામી આકટોબર મહીના સુધીમાં ત્રણ રંગમંચ તૈયાર કરી દેવાશે. જયારે જાન્યુઆરી સુધીમાં નગરના ૫ રંગમંચ તૈયાર કરવાનુ કામ પુર્ણ થઈ જશે.

## હોટેસ્ટ સીટી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નગરજનો અંગ દઝાડતી ગરમીનો અનુભવ કરી રહયા છે. ગઈકાલે પણ ગરમીનો પારો ૪૩. ડી ગ્રીને પાર પહોંચી ગયો હતો. જયારે આજે બીજા દિવસે પણ ગરમીના પારાની દોટ યથાવત રહી હતી. આજે મહત્તમ તાપમાન ગઈકાલની સાપેક્ષમાં ૦.૪ ડી ગ્રી વધતા ગરમીનો પારો ૪૩.૮ ડી ગ્રીએ પહોંચી ગયો હતો. જયારે લઘુત્તમ તાપમાન ૨૮.૨ ડી ગ્રી નોંધાયુ હતુ. જયારે વાતાવરણમાં ભેજના પ્રમાણમાં પણ સતત વધઘટ જોવા મળી રહી છે. આજે સવારે ભેજનુ પ્રમાણ ૬૦ ટકા અને સાંજે ૧૮ ટકા નોંધાયુ હતુ.જેના લીધે આકાશમાંથી આગ વરસતી હોય તેવો અહેસાન નગરજનોએ કર્યો હતો. આકરી ગરમીના લીધે આમ નાગરિકો ઘરની બહાર નિકળવાનુ ટાળી રહયા છે. જયારે શ્રમિકો પણ ગરમીના લીધે તોબા પોકારી ગયા છે. સિનિયર સિટીઝન્સ તેમજ બાળકો ગરમીના લીધે બેબાકળા બની ગયા છે. હીટવેવથી બચવા માટે છાશ સહીતના ઠંડા પીણાંનો ઉપયોગ વધુ થઈ રહયો છે. જયારે આકરી ગરમીથી બચવા દિવસ દરમિયાન ઘરમાં પુરાયેલા રહેવાનુ પસંદ કરતા નગરજનો રાત્રિની ઠંડકમાં સ્વર્ણિમ પાર્ક સહીત સેકટરોના ઉદ્યાનોમાં ટહેલવા નિકળી પડે છે.

## પ્રવેશોત્સવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સૂચના આપવામાં આવી છે. ૨૦ ટકા કરતાં વધુ ડ્રોપઆઉટ રેસિયો ધરાવતા તાલુકાઓ પણ અલગ તારવવામાં આવ્યા છે.

પ્રવેશોત્સવ વખતે શાળાના ડ્રોપઆઉટ રેસિયો જાણી અને સરકારને આપવાના અહેવાલમાં તેનો ઉલ્લેખ કરવાનો રહેશે તેમ પણ જણાવાયુ છે.

શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યું છે કે પ્રવેશોત્સવના પ્રવચનમાં શિક્ષણ, આરોગ્ય અને સમાજ કલ્યાણ તેમજ મહિલા બાળ કલ્યાણ અંગે સરકારે મેળવેલ સિદ્ધિઓનો અવશ્ય ઉલ્લેખ કરવો એટલુ જ નહિ સાક્ષરતા મિશન બાબતે પણ ખાસ ભાર મુકવાનો રહેશે.

શિક્ષણ વિભાગે આપેલ સૂચના મુજબ એક માધ્યમિક શાળા અને બે પ્રા. શાળા મળી કુલ ૩ શાળાઓ એક દિવસમાં અધિકારીએ આવરી લેવાની રહેશે.

સાદગીપૂર્ણ અને દબદબાભર્યા આ પ્રવેશોત્સવની ઉજવણીમાં પદાધિકારી કે અધિકારીઓના સ્વાગતથી શાળાઓ દૂર રહે તેવી સ્પષ્ટ સૂચના આપવા શિક્ષણ વિભાગે કોઈપણ પ્રકારનું સ્વાગત કરવુ નહિ તેવુ જણાવ્યું છે. રાજ્યના શિક્ષણ વિભાગે ૩૮ જેટલી માર્ગદર્શક સૂચનાઓ આપી છે એટલુ જ નહિ મીની ગુણોત્સવ માટેની વિશેષ સૂચનાઓ અલગથી આપવામાં આવી છે.

## તૈયારીઓ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ત્યારે કચ્છ જિલ્લા ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા દ્વારા જૈના હૈયામાં હર હંમેશ કચ્છ વસેલુ છે અને વિશ્વના કોઈ પણ ખુણે જઈને કચ્છને હર હંમેશ યાદ કરતા અને જેને સવાયા કચ્છી કહી શકીએ એવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી કચ્છની ધીંગી ધરા પર મા નર્મદાના નીરના વધામણા કરવા તેમજ કરોડો રૂપિયાની યોજનાના ખાતમુર્હૂત માટે આવી રહ્યા છે ત્યારે કચ્છના યુવાનો પણ નરેન્દ્ર મોદીને આવકાર આપવા થનગની રહ્યા છે અને નરેન્દ્ર મોદીને કચ્છની ધીંગી ધરા ઉપરર ભવ્યથી ભવ્ય સ્વાગત કરવા માટે આતુર હોવાનું જિલ્લા ભાજપ મીડિયા ઈન્ચાર્જ ઘનશ્યામ રસીકલાલ ઠક્કરની યાદીમાં જણાવાયું હતું.